ઑન્ટારિયોના નળનું (ટૅપ) પાણી: પીવા માટે સુરક્ષિત

શું તમે જાણો છો કે ઑન્ટારિયોના નળના પાણીની ગણના દુનિયાના સર્વોત્તમ પાણીમાં થાય છે? ઑન્ટારિયોના નળના પાણીની ગુણવત્તા અને સુરક્ષા માટે તમે વિશ્વાસ રાખી શકો છો.

ઑન્ટારિયોના પીવાના પાણીની સુરક્ષા કેવી રીતે કરવામાં આવે છે?

ઑન્ટારિયોના પીવાના પાણીની સુરક્ષા માટે અતિ ઉત્તમ પદ્ધતિ રાખવામાં આવી છે. ઑન્ટારિયોના સ્પષ્ટ, કડક નિયમો અને બંધનકારક માપદંડ પાણીના મૂળથી તમારા નળ સુધી પીવાના પાણીની સુરક્ષા કરે છે.

જે લોકો પીવાના પાણીની પદ્ધતિઓ સંચાલન કરે છે તેમને ઉચ્ચ વ્યવસાયિક (પ્રોફેશનલ) માનકોની તાલીમ મળી હોય છે. ઓછામાં ઓછું વર્ષમાં એક વાર મિનિસ્ટ્રી ઑફ એનવાયરોનમેન્ટના તજજ્ઞો પીવાના પાણીના બધા જ મ્યુનિસિપલ પ્લાંટનું નિરીક્ષણ કરે છે. પીવાના પાણીની ગુણવત્તા અને પીવાના પાણીની પદ્ધતિઓના નિરીક્ષણના પરિણામોનો, ચીફ ડ્રિંકિંગ વૉટરના ઇન્સપેક્ટર, વાર્ષિક રિપોર્ટ (લેવાલ) આપતા હોય છે. 2010-11 માં:

- ઑન્ટારિયોની પીવાની પાણીની પદ્ધતિઓના નમૂનાઓ પર 639,000થી વધારે પરીક્ષણો કરવામાં આવેલા.
- 99.87 ટકા મ્યુનિસિપલ પાણીની પદ્ધતિઓના ગુણવત્તાના પરીક્ષણો કડક માપદંડ અનુસાર હતા.

અમારું પીવાનું પાણી અમારા કડક માપદંડોને કેવી રીતે જાળવી રાખે છે તે જાણવા માટે, ચીફ ડ્રિંકિંગ વૉટર ઇન્સપેક્ટરનો વાર્ષિક રિપોર્ટ (Chief Drinking Water Inspector's Annual Report) વાંચો.

મારું પીવાનું પાણી ક્યાંથી આવે છે?

ઑન્ટારિયોનું મોટા ભાગનું પીવાનું પાણી તળાવો, નદીઓ અથવા કૂવાઓમાંથી આવે છે.

નૉર્થ અમેરિકાના 95 ટકા તાજા નિર્મળ પાણીનો સમાવેશ ગ્રેટ લેક્સ (Great Lakes) માં થયો છે. ઑન્ટારિયોના મોટા ભાગના રહેવાસીઓનું પીવાનું પાણી ગ્રેટ લેક્સ (Great Lakes)થી આવે છે.

તમારા સમુદાય માટે કયા તળાવ, નદી અથવા કૂવામાંથી પાણી આવે છે તે જાણવા માટે પીવાના પાણીના ગુણવત્તાના નકશાને જૂઓ.

મારા પીવાના પાણીનું નિરૂપણ કેવી રીતે કરવામાં આવે છે?

- **પગલું 1:** પાણીને નદી, તળાવ કે કૂવામાંથી લાવવામાં આવે છે.
- **પગલું 2:** પાણીમાં ઉમેરવામાં આવતા પદાર્થો નાના રજકણોને એકસાથે જોડી દે છે અને મોટા રજકણોમાં બનાવી દે છે. આ મોટા રજકણો તળિયા પર ભેગા થઈ જાય છે અને ત્યાર પછી તેમનો નિકાલ કરવામાં આવે છે.

PIBS 8915g

Ontario

- **પગલું 3:** પાણીને રેતી, કાંકરી, ચારકોલ (લાકડાંનો કોલસો), અથવા સૂક્ષ્મ જાળીમાંથી પસાર કરવામાં આવે છે અને તે રીતે અન્ય રજકણોને ગાળી લેવામાં આવે છે.
- **પગલું 4:** ક્લોરિન પાણીને જંતુરહિત કરે છે. થોડીક માત્રામાં ક્લોરિન, જે પાણી તમે પીઓ છો, તેમાં રહે છે.

મોટા ભાગની નિરૂપણ પદ્ધતિઓમાં આ પ્રમાણે થાય છે. પીવાના પાણીનો ગુણવત્તાનો નક્શો પર ક્લિક કરો અને જાણકારી મેળવો કે તમારા સમુદાયમાં પીવાના પાણીનું નિરૂપણ કેવી રીતે કરવામાં આવે છે.

જો મને મારા નળમાં આવતા પાણી વિષે ચિંતા થતી હોય તો હું શું કરી શકું છું?

જો તમારું પાણી મ્યુનિસિપાલિટીથી આવતું હોય તો, તેમની ઑફિસનો સંપર્ક કરો. તમારા ટેલિફોન બુકના બ્લુ પેજ (Blue Pages)ની પણ તમે તપાસ કરી શકો છો અને મ્યુનિસિપાલિટી સાથે સંપર્ક કરવાની માહિતી મેળવી શકો છો. નહીં તો, તમારા સ્થાનિક સ્વાસ્થ્ય યૂનિટનો સંપર્ક કરો.

1950થી પહેલાં બનેલા ઘરોમાં ઘણું કરીને લેડની પાઈપો અને સર્વિસ લાઈનો હોઈ શકે છે. લેડ અને પીવાના પાણી વિષે અને તમારા નળના પાણીમાં લેડની માત્રાનું પરીક્ષણ કરવા માટે વધારે જાણકારી મળવો.

ઑન્ટારિયોના પીવાના પાણીની સુરક્ષા કરવા માટે હું શું કરી શકું છું?

અહીંયા કેટલીક રીતો બતાવી છે જેના દ્વારા તમે ઑન્ટારિયોના નળના પાણીનો ઉપયોગ કરી પૈસા બચાવી શકો છો અને પાણીનો બગાડ ઓછો કરી શકો છો:

- ફરીથી વપરાશમાં આવે તેવી પાણીની બૉટલ સાથે રાખો અને બ્લુ W પ્રોગ્રામ (Blue W program) દ્વારા નિઃશુલ્ક રીતે તેને ફરીથી ભરો. જાહેર જગ્યાઓ અને ભાગ લેતા ધંધાઓની વિંડો (બારીઓ) પર બ્લુ W (Blue W) ડિકેલ જૂઓ.
- તમારા ફ્રિજમાં પાણીના મોટા જગ રાખો અથવા બરફના ક્યૂબ (ટુકડા) પાણીમાં નાંખો, પરંતુ પાણી ઠંડું થાય ત્યાં સુધી નળને ચાલુ ન રાખો.
- સ્ટૉર્મ ડ્રેઈન (ગટર કે મોરી) નીચે પેઈંટ કે ઑઈલ (તેલ) નહીં નાંખો. દાખલા તરીકે, તમારી કારને કારવૉશની જગ્યા પર સાફ કરાવો, ડ્રાઈવવેમાં નહીં.

ઑન્ટારિયોમાં આવતા નવા લોકો માટે બહુભાષી પોસ્ટકાર્ડ

તમે તમારા સમુદાયના કોઈ જૂથોને જાણો છો, જેમને ઑન્ટારિયોના ઉચ્ચ ગુણવત્તાના નળના પાણી વિષે જાણકારી મેળવવી હોય? ઈમેજ (ચિત્ર)ને મોટી કરવા પોસ્ટકાર્ડ પર ક્લિક કરો. અથવા જો તમને મફત નકલો જોઈએ તો મિનિસ્ટ્રી ઑફ્ એનવાયરોનમેન્ટ પબ્લિક ઈનફૉર્મેશન સેંટર (Ministry of the Environment Public Information Centre)નો ટૉલ ફ્રી (નિઃશુલ્ક) નંબર ટૉરાન્ટોમાં **1-800-565-4923** અથવા **416-325-4000** પર સંપર્ક કરો.


ઑન્ટારિયોનું પીવાનું પાણી
શું તમે જાણતા હતા કે...
• ઑન્ટારિયોનું ઉચ્ચ ગુણવત્તાનું નળમાંથી આવતું પાણી દુનિયાનું સૌથી વધારે સુરક્ષિત પાણીમાનું એક છે – તેના 99%થી વધારે પરિણામો ઑન્ટારિયોના સ્વાસ્થ્ય-આધારિત માપદંડોને પુરા કરે છે.
• સખતાઈથી નિયમ અનુસાર તેનું પરીક્ષણ થયું છે અને નિયમિત રૂપે તેની તપાસ થતી રહે છે – દર વર્ષે 600,000થી વધારે પરીક્ષણોના પરિણામો.
• નળનું પાણી પીવા માટેનું સૌથી વધારે સસ્તું પાણી હોય છે, એક લીટરની કિંમત લગભગ એક સેંટનો 1/8 હિસ્સો હોય છે.
• પાણીના ક્ષેત્રમાં ઘણી બધી વ્યવસાયિક તકો મળે છે, જેમાં ટેકનિશિયન (તંત્રજ્ઞ), ઑપરેટર, હાઈડ્રોજીઓલોજિસ્ટ, એંજિનિયર અને ઈન્સપેક્ટરનો સમાવેશ થાય છે.
ઑન્ટારિયનો વિશ્વાસ રાખી શકે છે કે, તેમના નળનું પાણી પીવા માટે સુરક્ષિત છે
www.ontario.ca/drinkingwater
Protecting our environment.
Ontario

Gujarati

Arabic

Chinese (Modern)

English

French

Punjabi

Russian

Spanish

Tagalog

Tamil

Urdu